તા.૫/૧૧/૨૦૧૪ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધીધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૭૨૦/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૧ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી ૬૧ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૭૨૧/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદ:-** **સમાચાર યાદી નં.૨૭૨૨/૧૪**

**વટવા:** વટવા વિસ્તારમાં રહેતી ૨૯ વર્ષની યુવતીએ તા.૪/૧૧/૧૪ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૧૧/૧૪ તેમજ એક માસ અગાઉ આરોપી અનિલભાઈ ખોડાભાઈ ઠાકોર (રહે ઠાકોરવાસ નારોલ ગામ) એ યુવતીના ઘરે યુવતીની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ જે ચૌધરી ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૭૨૩/૧૪**

**ઘાટલોડીયા :** પરાગીબેન ભાવેશભાઇ શાહ (ઉ.વ.૫૦) (રહે. માણેકબા ફ્લેટ સમર્પણ ટાવરની ગલીમાં પ્રભાતચોક ઘાટલોડીયા) તા.૪/૧૧/૧૪ સવારનાં ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પસાર થતાં હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પરાગીબહેનનાં ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પરાગીબહેન શાહે ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૨૭૨૪/૧૪**

**એલીસબ્રીજ :** મયુરભાઇ ચંદ્રકાંતભાઇ રાઘવાણી (રહે.મોતી સોસાયટી, અંકુર ફ્લેટની સામે, નારાયણનગર રોડ, પાલડી) એ તા.૪/૧૧/૧૪ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૧૦/૧૪ થી તા.૩૧/૧૦/૧૪ દરમ્યાન રહેણાંક નજીક પાર્ક કરેલ પોતાની મારૂતી ફ્રન્ટી ૮૦૦ કાર નંબર જીજે.૧.એચ.કે.૬૪૬૭ કિંમત રૂપિયા ૧,૩૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એન.ખોખર ચલાવે છે.

**ગાયકવાડ હવેલી :** મહંમદસફી ગુલામરસુલ શેખ (રહે.અહદ રેસીડેન્સી, ઇબ્રાહીમ મસ્જીદની બાજુમાં કેનાલ રોડ જુહાપુર) એ તા.૩૧/૧૦/૧૪ બપોરનાં ૧૨/૪૫ વાગે મ્યુની.કોઠાના મુખ્ય દરવાજાની બાજુમાં પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૨૭.ટી.૨૧૪૪ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ૪૫ મીનીટમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ મહંમદસફી શેખે તા.૪/૧૧/૧૪ નારોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.રબારી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૭૨૫/૧૪**

**ચાંદખેડા :** અમીતભાઇ હરમેશલાલ સુદ (ઉ.વ.૩૫)(રહે.ફુલસ્ટોપ સોસાયટી, ચાંદખેડા) એ તા.૩/૧૧/૧૪ રાતનાં ૧૧/૧૫ વાગ્યાના સુમારે કોઇ કારણસર પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિમલકુમાર કાંતીલાલ ચલાવે છે.

**વટવા :** સાયના ઓસીમખાન પઠાણ (ઉ.વ.૨૦)(રહે.ફૈજલપાર્ક, દિયા મસ્જીદની પાસે, વટવા) એ ઘર કંકાસથી કંટાળી જઇ તા.૩/૧૧/૧૪ રાતનાં ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે શરીરે કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૪/૧૧/૧૪ કલાક ૪/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.સી.ઝાલા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.